દર સોમવારે નિયમિત પ્રસિદ્ધ થતું સાપ્તાહિક અખબાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

સહતંત્રી : શીતલ ઠાકર મો.૯૭૨૭૮ ૬૧૩૬૦ | PRGI : GJGUJ/25/A4373 | Weekly સાપ્તાહિક ગુજરાતી

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઇડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ મો.૯૮૯૮૬૯૩૯૮૫

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN E-mail : badshahpathan@gmail.com

તા.૧૨-૧૦-૨૦૨૬ સોમવાર I અંક નં.૪૦ I પાના : ૪ I વર્ષ : ૧ I કિંમત રૂા.૨ I વાર્ષિક : ૧૦૦ Date : 12-10-2026 MONDAYI Isseu No.40 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100


# હિંમતનગરમાં વડાપ્રધાન મોદીની ૨૫ વર્ષની રાજકીય સફર નિમિત્તે 'સેવા સંકલ્પ જ્યોતિ યાત્રા' યોજાઈ




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને રાજકીય કારકિર્દીના ૨૫ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગરમાં ભવ્ય 'સેવા સંકલ્પ જ્યોતિ યાત્રા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા અને દેશભરના કાર્યકરો તથા નાગરિકોને પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં 'રાષ્ટ્ર પ્રથમ' ના સંકલ્પ સાથે કાર્ય કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે ગુજરાતથી શરૂ થયેલી પોતાની ૨૫ વર્ષની રાજકીય યાત્રાનું સ્મરણ કરતા કાર્યકરોનો આભાર માન્યો હતો અને વી વિલ ડુ ઈટ નો નારો આપીને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિશ્વમાં અગ્રેસર અને સંપૂર્ણ વિકસિત બનાવવાનો સંકલ્પ દોહરાવ્યો હતો.

આર્ટ્સ કોલેજથી મોતીપુરા સુધી વિશાળ રેલી

વડાપ્રધાનના વર્ચ્યુઅલ સંબોધન બાદ હિંમતનગરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજથી મોતીપુરા હાઈવે સુધી મશાલ સાથે એક વિશાળ રેલી યોજવામાં આવી હતી. દેશભક્તિના ગીતો અને વિજયી સૂત્રોચ્ચાર સાથે નીકળેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો અને સંગઠનના કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

અગ્રણીઓની ઉપસ્થિતિ

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ પ્રમુખ, સાબરકાંઠા લોકસભાના સાંસદ શોભનાબેન બારૈયા તેમજ જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને દેશના સર્વાંગી વિકાસ માટે સમર્પિત ભાવથી કાર્ય કરવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. •

# પ્રાંતિજ હાઈવે પર અકસ્માત બાદ બમ્પરના ગુપ્ત ખાનામાંથી દારૂનો જથ્થો ઝડપાયો, આરોપીની ધરપકડ

નેશનલ હાઈવે નંબર ૪૮ પર પ્રાંતિજ ત્રણ રસ્તા ઓવરબ્રિજ પર અકસ્માત સર્જાતાં કારના ગુપ્ત ખાનામાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો બહાર આવ્યો છે. અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પ્રાંતિજ પોલીસે સ્વીફ્ટ ગાડીમાંથી વિદેશી દારૂની ૧૯ બોટલો સાથે એક આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હિંમતનગરથી અમદાવાદ તરફ જતા હાઈવે પર પ્રાંતિજ ત્રણ રસ્તા બ્રિજ પર એક સ્વીફ્ટ ડિઝાયર કાર (નંબર: GJ-27-AH-3054) નો આગળના બોનેટના ભાગે અકસ્માત થયો હતો. અકસ્માતની બાતમી મળતાં જ પ્રાંતિજ પોલીસની ટીમ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.પોલીસે તપાસ હાથ ધરતાં કારના આગળના બમ્પરના ભાગે એક વિશેષ ગુપ્ત ખાનું બનાવેલું મળી આવ્યું હતું. આ ખાનામાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની સીલબંધ ૧૯ બોટલો (કિંમત રૂ. ૧૦,૭૧૫/-) મળી આવી હતી.

પોલીસે ઘેરાબંધી કરીને ગાડીના ચાલક પ્રહલાદસિંહ ભારતસિંહ રાઠોડ (ઉં.વ. ૩૮, હાલ રહે. ગોકુલ પ્લેટેનિયમ સોસાયટી, GIDC પાસે, વટવા, અમદાવાદ; મૂળ રહે. કુરજ, તા. રેલમંગરા, જી. રાજસમંદ, રાજસ્થાન) ને ઝડપી પાડ્યો હતો.ગાંધીનગર વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષક શ્રી ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને હિંમતનગર વિભાગીય પોલીસ અધિકારી શ્રી એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર. પઢેરીયા, PSI એન.સી. ગોહિલ, છજીૈં જયેન્દ્રસિંહ, હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર તથા પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ અને સંદિપકુમારની ટીમે આ કામગીરી પાર પાડી હતી.પ્રાંતિજ પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. •




# હિંમતનગર પાલિકાનો 'ગરીબો પર ગાજ,કાયમી દબાણકારો સામે મૌન કેમ..?

# હિંમતનગરના મહાવીરનગરમાં પાલિકાની ઓચિંતી કાર્યવાહીથી પાથરણા વેપારીઓમાં ભારે રોષ

ચણિયાચોળીનો માલ જપ્ત કરાતા વિરોધ :હિંમતનગર શહેરના મુખ્ય અને વ્યસ્ત ગણાતા મહાવીરનગર વિસ્તારમાં નગરપાલિકાની ટીમ દ્વારા ઓચિંતી દબાણ હટાવ કાર્યવાહી કરવામાં આવતાં ના નાના અને પાથરણા વેપારીઓમાં ભારે રોષની લાગણી જન્મી છે. નવરાત્રી અને તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને રોડ કિનારે ચણિયાચોળીનો વેપાર કરી રહેલા ગરીબ પાથરણા ધારકો સામે પાલિકાની ટીમે અચાનક કાર્યવાહી હાથ ધરીને તેમનો તમામ માલ-સામાન ટ્રેક્ટરમાં ભરી લેતાં વેપારીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

સ્થાનિકો અને પીડિત વેપારીઓના જણાવ્યા અનુસાર, વર્ષમાં આવતી મુખ્ય સીઝન દરમિયાન પાથરણા પર નાનો-મોટો વેપાર કરીને તેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે. આવા સમયે જ પાલિકા દ્વારા કોઈ પૂર્વ સૂચના વગર ઓચિંતી આકરી કાર્યવાહી કરવામાં આવતા સામાન્ય વેપારીઓ આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ ઘટનાને પગલે ઘટનાસ્થળે સ્થાનિક રહીશો પણ એકઠા થઈ ગયા હતા અને પાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

કાયમી દબાણો સામે આંખ આડા કાન કેમ? નગરપાલિકાની આ દ્વિમુખી નીતિ સામે સ્થાનિકો અને વેપારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે શહેરમાં અનેક જગ્યાએ પાર્કિંગ પોઈન્ટ, જાહેર રસ્તાઓ અને મુખ્ય માર્ગો પર કાયમી ધોરણે થયેલા મોટા દબાણો તેમજ લારી-ગલ્લાઓ સામે પાલિકાનું તંત્ર તદ્દન આંખ આડા કાન કરી રહ્યું છે. કાયમી અને પ્રભાવશાળી દબાણકર્તાઓ સામે કોઈ પગલાં ભરવાને બદલે પાલિકા માત્ર ગરીબ અને સામાન્ય પાથરણા વેપારીઓ પર જ પોતાનો રોફ જમાવી રહી છે.

ગરીબ વેપારીઓ સામે જ ત્વરિત કાર્યવાહી અને કાયમી દબાણો સામે પાલિકાની રહસ્યમય ચૂપકીદીને લઈને હવે શહેરભરમાં નગરપાલિકાની કામગીરી સામે વિરોધના સૂરો ઉઠી રહ્યા છે. •

# ઈડરના નેત્રામલીમાં ગેરકાયદે ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ

# ૫૧.૯૭ લાખના મુદ્દામાલ સાથે ૫ આરોપી ઝબ્બે

ઈડર તાલુકાના નેત્રામલી ગામની સીમમાં શેરબજારમાં વધુ કમાણીની લાલચ આપી ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ મારફતે લોકો સાથે છેતરપિંડી આચરતી ગેંગનો ઈડર પોલીસે મંગળવારે પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ડબ્બા ટ્રેડિંગના આ કાળા કારોબારમાં સંડોવાયેલા ૫ શખ્સોની અટકાયત કરી રૂ. ૫૧,૯૭,૫૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વગર લાયસન્સે ચાલતો હતો ખેલ પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પકડાયેલા પાંચેય આરોપીઓ સ્ટોક એક્સચેન્જનું કોઈ પણ જાતનું લાયસન્સ ધરાવતા નહોતા. મુખ્ય આરોપી તુષાર વાઘેલા પોતાના મોબાઈલમાં કનુભાઈ વાઘેલાના નામે બે વિશેષ એપ્લિકેશન રાખી શેરબજારના ભાવની વધઘટ પર નજર રાખતો હતો. ત્યારબાદ આરોપીઓ ગૂગલ પરથી ગ્રાહકોના નંબર મેળવી વોટ્સએપ કે વાઈ-ફાઈ કોલિંગ દ્વારા તેમનો સંપર્ક કરતા હતા.

બોગસ ઓળખ આપી આંગડિયા મારફતે નાણાં મેળવતા

આરોપીઓ ગ્રાહકોને પોતાની ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લેતા અને શેરબજારમાં ટૂંક સમયમાં બમણી કે વધુ કમાણી કરાવવાની લાલચ આપતા હતા. ગ્રાહકો પાસે શેરની લે-વેચ કરાવી નાણાં મેળવી લેવામાં આવતા અને આ રકમ આંગડિયા પેઢી મારફતે હેરાફેરી કરવામાં આવતી હતી.

દરોડા દરમિયાન જપ્ત કરાયેલ મુદ્દામાલ

ઈડર પી.આઈ. અમૃત તલાભાઈ ચૌધરીને મળેલી ચોક્કસ બાતમીના આધારે નેત્રામલી ગામની સીમમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છેઃ

રોકડ રકમ: રૂ. ૩૨.૪૦ લાખ

દાગીનાઃ રૂ. ૫.૫૫ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના

ઈલેક્ટ્રોનિક્સઃ ૨૧ મોબાઈલ ફોન, વાઈ-ફાઈ રાઉટર તથા ટાવર

વાહનો: ૨ ફોર-વ્હીલર કાર

દસ્તાવેજો: રોકાણકારોના મોબાઈલ નંબર દર્શાવતા ૨૬૫ કાગળો

ગુનો નોંધાઈ કાનૂની કાર્યવાહી શરૂ

ઈડર પોલીસે પાંચેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૧૯(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૬(૨) તથા આઈટી એક્ટની કલમ ૬૬(ઝ) અને ૬૬(ઢ) હેઠળ ગુનો નોંધી પી.આઈ. આર.એ. ચૌધરીની દેખરેખ હેઠળ આગળની તપાસ હાથ ધરી છે.

પકડાયેલા આરોપીઓની યાદીઃ કનુભાઈ ચેલાભાઈ વાઘેલા (ઉ.વ. ૪૫, રહે. સુંદરપુર, તા. વિજાપુર, જી. મહેસાણા) તુષારભાઈ કનુભાઈ વાઘેલા (ઉ.વ. ૨૩, રહે. સુંદરપુર, તા. વિજાપુર) કિશન બાબુભાઈ વાઘેલા (ઉ.વ. ૩૧, રહે. નાનીવાડા, તા. ખેરાલુ) હસમુખજી પોપટજી ઠાકોર (ઉ.વ. ૨૫, રહે. ગલાલપુર, તા. સતલાસણા) અજીતજી ચંદુજી ઠાકોર (ઉ.વ. ૨૨, રહે. કુડા, તા. ખેરાલુ)

# હિંમતનગરમાં કોંગ્રેસ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર સામે વિરોધ પ્રદર્શન પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું




હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દેશમાં ×લોકશાહી બચાવો, દેશ બચાવો - વોટ બચાવો, દેશ બચાવો નારા સાથે વિરોધ પ્રદર્શન યોજીને હિંમતનગર પ્રાંત કલેક્ટર/મામલતદાર સાહેબને એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે.

હિંમતનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ બારોટની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરોએ સરકારી કચેરી પરિસરમાં સૂત્રોચ્ચાર સાથે માર્ચ કરી હતી અને પોતાનો સખત વિરોધ નોંધાવ્યો હતો.

આવેદનપત્રના મુદ્દાઓ અને માંગણીઓ:

૧. મતદાર યાદીમાંથી નામો રદ્દ કરવાનો આરોપ: આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, તાજેતરમાં સમગ્ર દેશમાં હાથ ધરાયેલી SIR પ્રક્રિયા દરમિયાન દેશના અંદાજે ૧૩ કરોડથી વધુ નાગરિકોના નામો મતદાર યાદીમાંથી કમી કરી દેવાયા છે. ૨. મુખ્ય ચૂંટણી કમિશનરની ધરપકડની માંગઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમાર નિષ્પક્ષ વર્તનમાં નિષ્ફળ રહ્યા હોવાનો આરોપ મૂકી તેમની સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરી ધરપકડ કરવા માંગ કરી છે. ૩. રાજીનામાની માંગઃ મુખ્ય ચૂંટણી કમિશનર પોતાના પદ પરથી તાત્કાલિક રાજીનામું આપે તેમજ આ પ્રક્રિયાને સમર્થન આપનારી ભારતીય જનતા પાર્ટીની સરકાર પણ રાજીનામું આપે તેવી માંગણી કરવામાં આવી છે. •

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# સાબરકાંઠા પોલીસ બેડામાં મોટાપાયે ફેરબદલ ૧૪ પીઆઈ અને પીએસઆઈની આંતરિક બદલી

સાબરકાંઠા જિલ્લાના પોલીસતંત્રમાં વહીવટી કાર્યક્ષમતા વધારવાના હેતુથી મોટો ફેરબદલ કરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસવડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા બુધવારે જાહેર હિતને ધ્યાનમાં રાખીને જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો તથા વિભાગોમાં ફરજ બજાવતા ૭ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને ૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) મળી કુલ ૧૪ અધિકારીઓની આંતરિક બદલીના આદેશો જારી કરાયા છે.

કયા PI ની ક્યાં બદલી થઈ?

ડી.એન. વસાવા: હિંમતનગર બી-ડિવિઝન PI થી સાયબર ક્રાઈમ એચ.પી. ઝાલા: સાયબર ક્રાઈમ PI થી લીવ રિઝર્વ જે.એલ. વાળા: લીવ રિઝર્વ (એટેચ સાયબર ક્રાઈમ) થી એનટી નાર્કોટિક્સ વિંગ વી.એમ. ચૌધરી: હિંમતનગર ગ્રામ્ય PI (મહિલા પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ સોંપાયો) એસ.બી. ચૌધરી: મહિલા પોલીસ સ્ટેશન PI થી છHTU (એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ) ડી.વી. હડાત: ખેડબ્રહ્મા PI થી ચિઠોડા પોલીસ સ્ટેશન ડી.એન. સાધુ: પોશીના PI થી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન પીએસઆઈ કક્ષાએ કરાયેલા ફેરફાર અને ચાર્જ આર.એલ. દેસાઈ (ચિઠોડા PSI): વિજયનગરના ઈન્ચાજ PI તરીકે ચાર્જ સોંપાયો. બી.ડી. રાઠોડ (વિજયનગર ઈન્ચાર્જ PI): હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમા PI નો ચાર્જ. એ.વી. જોષી (જિલ્લા ટ્રાફિક PSI): હિંમતનગર બી-ડિવિઝનના ઈન્ચાર્જ PI તરીકે બદલી. એન.બી. વાઘેલા (સિટી ટ્રાફિક PSI): પોશીનાના PI તરીકે જવાબદારી સોંપાઈ. એ.પી. માળી: બી-ડિવિઝન PSI થી જિલ્લા ટ્રાફિક ડી.એમ. ઝાલા: મધ્યપ્રદેશ પેટર્ન હિંમતનગર થી સિટી ટ્રાફિક PSI કે.સી. બ્રહ્મભટ્ટ: હિંમતનગર ગ્રામ્ય PSI થી હિંમતનગર બી-ડિવિઝન D-સ્ટાફ

# મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે ખેડબ્રહ્મા કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું ખેડબ્રહ્મા




સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના આહ્વાન પર સમગ્ર જિલ્લાના તમામ તાલુકા મથકોએ આવેદનપત્ર આપવાના આયોજનના ભાગરૂપે ખેડબ્રહ્મા તાલુકા અને નગર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા વિધાનસભાના ધારાસભ્ય ડૉ. તુષારભાઈ ચૌધરીની આગેવાનીમાં તેમજ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રામાભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય ડૉ. તુષારભાઈ ચૌધરીએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ગંભીર આરોપો લગાવતા જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી રાહુલ ગાંધી પુરાવા સાથે જે 'વોટ ચોરી'નો મુદ્દો ઉઠાવી રહ્યા છે, તેને ધ્યાનમાં લેવામાં આવી રહ્યો નથી. ચૂંટણી પંચ સ્વતંત્ર અને નિષ્પક્ષ રહેવાને બદલે ભારતીય જનતા પાર્ટીના પિઠ્ઠુ તરીકે કામ કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તાજેતરમાં હાથ ધરાયેલી SIR પ્રક્રિયા અને મતદાર યાદી સુધારણા દરમિયાન દેશભરમાંથી અંદાજે ૧૩ કરોડથી વધુ અને ગુજરાતમાં ૭૪ લાખથી વધુ મતદારોના નામ ખોટી રીતે કમી કરી દેવામાં આવ્યા છે. નાગરિકોનો બંધારણીય મતદાનનો અધિકાર છીનવીને લોકશાહીને ખતમ કરવાનું કાવતરું રચવામાં આવી રહ્યું છે.

કોંગ્રેસ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા આવેદનપત્રમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી છે તથા તેમના દ્વારા લેવાયેલા વિવાદાસ્પદ નિર્ણયો રદ કરવા અને તમામ વંચિત નાગરિકોના નામ મતદાર યાદીમાં ફરી ઉમેરીને લોકશાહીનું રક્ષણ કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે.

આ વિરોધ પ્રદર્શનમાં ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભમરસિંહ ચંદાવત, ખેડબ્રહ્મા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત શર્મા સહિત તાલુકા અને શહેર કોંગ્રેસના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તા ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંભોઈ પાસે હોટલ કોમ્પ્લેક્ષની બંધ દુકાનમાંથી ૨.૫૮ લાખનો વિદેશી દારૂ-બીયર ઝડપાયો: કુલ ૪.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત

સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા હાથ ધરાયેલી ઝુંબેશ અંતર્ગત ગાંભોઈ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. હિંમતનગર-ગાંભોઈ બ્રિજ નજીક આવેલી એક હોટલના કોમ્પ્લેક્ષમાં બંધ દુકાનમાં ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઉતારતી વખતે પોલીસે રેડ પાડીને ૨,૫૮,૧૫૨/- કિંમતની વિદેશી દારૂ તથા બીયરની બોટલો તેમજ અલ્ટો ગાડી મળી કુલ ૪,૫૮,૧૫૨/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ખાનગી બાતમીના આધારે પોલીસે પાડી રેડ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ (ગાંધીનગર વિભાગ) અને સાબરકાંઠા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી ગાંભોઈ પોલીસ ઈન્સ્પેક્ટર એ. આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર વોચ રાખવામાં આવી રહી હતી.

દરમિયાન, પી.એસ.આઈ. પી.એચ. ડોડીયાને ખાનગી બાતમીદારથી બાતમી મળી હતી કે, હિંમતનગરથી ગાંભોઈ તરફ આવતા સર્વિસ રોડ પર આવેલ 'ક્રિષ્ણા હોટલ' કોમ્પ્લેક્ષના પાછળના ભાગે કેટલાક ઇસમો અલ્ટો ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બંધ દુકાનમાં ઉતારી રહ્યા છે.

રૂ. ૪.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

બાતમીના આધારે ગાંભોઈ પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડતા સફેદ રંગની મારુતિ સુઝુકી અલ્ટો ગાડી (રજી. નં. GJ-09-BB-1948) તથા બંધ દુકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ અને બીયરની કુલ ૭૧૫ બોટલો/ટીન મળી આવ્યા હતા.

પોલીસે નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:

વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો (૭૧૫ નંગ): રૂ. ૨,૫૮,૧૫૨/-

મારુતિ અલ્ટો ગાડી (GJ-09-BB-1948): રૂ. ૨,૦૦,૦૦૦/-

કુલ જપ્ત મુદ્દામાલ: રૂ. ૪,૫૮,૧૫૨/-

પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ

આ મામલે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), (ઈ) મુજબ ગુનો (ગુભા નં. ૧૧૨૦૯૦૧૪૨૬૦૭૬૬/૨૦૨૬) નોંધવામાં આવ્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કામગીરી કરનાર પોલીસ ટીમ:

પી.એસ.આઈ. પી.એચ. ડોડીયા, એ.એસ.આઈ. કાળુભાઈ દેવાભાઈ (બ.નં. ૯૪૫), અ.પો.કો. સુરેશકુમાર અંબાલાલ (બ.નં. ૧૦૨૩), અ.પો.કો. મહિપાલસિંહ ચંદુસિંહ (બ.નં. ૯૪૧) અને અ.પો.કો. ઈન્દ્રરાજસિંહ દિલીપસિંહ (બ.નં. ૨૮૧).

સાબર રીપોર્ટર ન્યુઝપેપર — સમાચાર અને જાહેરખબર માટે સંપર્ક કરો
પોશીના : રાકેશ પંચાલ મો.૯૬૦૧૫૮૩૬૫૨ લાંબડિયા : જયેશ જોષી મો.૯૪૯૯૫૫૩૦૩૦

# સાબરકાંઠામાં અરવલ્લી ગિરિમાળાના સંરક્ષણ મુદ્દે સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી હાઈ પાવર કમિટીની બે દિવસીય મુલાકાત

સાબરકાંઠા જિલ્લામાં આવેલી અરવલ્લી ગિરિમાળાના સંરક્ષણ અને વિસ્તારમાં ચાલી રહેલી માઈનિંગ (ખનન) પ્રવૃત્તિઓની પર્યાવરણીય અસર અંગે સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)ના હુકમના અનુસંધાને રચાયેલી હાઈ પાવર કમિટી દ્વારા બે દિવસીય વિસ્તૃત મુલાકાત યોજવામાં આવી હતી. કમિટીએ સ્થળ નિરીક્ષણ કરી માઈનિંગ ક્ષેત્રોની સ્થિતિની સમીક્ષા કરી હતી તેમજ તમામ હિતધારકો સાથે બેઠક યોજી રજૂઆતો સાંભળી હતી.

લાલોડા વિસ્તારમાં માઈનિંગ લીઝનું સ્થળ નિરીક્ષણ

મુલાકાતના ભાગરૂપે હાઈ પાવર કમિટી દ્વારા ઈડર તાલુકાના લાલોડા વિસ્તારની સીધી મુલાકાત લેવામાં આવી હતી. લાલોડા ખાતે આશરે ૮ એકર વિસ્તારમાં પથરાયેલી પાંચ જેટલી માઈનિંગ લીઝ અંગે કમિટીના સભ્યોએ બારીકાઈથી માહિતી મેળવી હતી. કમિટીએ ડુંગરોમાં થયેલા ભારે ખોદકામ, માઈનિંગની વિપરીત અસરો અને આસપાસની કુદરતી વનસ્પતિ તથા પર્યાવરણની પ્રત્યક્ષ સ્થિતિનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું.

હિંમતનગર અને ઈડરમાં હિતધારકો સાથે બેઠકોનો દોર સ્થળ તપાસ પૂર્ણ કર્યા બાદ ઈડર નગરપાલિકા જીમ હોલ તથા હિંમતનગર કલેક્ટર કચેરી ખાતે કમિટી દ્વારા ખાસ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ, માઈનિંગ લીઝધારકો, સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, અગ્રણીઓ અને પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિટીએ અરવલ્લી ગિરિમાળાની અખંડિતતા, સંરક્ષણ, જમીનના ઉપયોગ અને માઈનિંગથી થતા પર્યાવરણીય નુકસાન અંગે તમામ પક્ષોના મંતવ્યો અને રજૂઆતો ગંભીરતાથી સાંભળ્યા હતા.

અરવલ્લી બચાવવા અને માઈનિંગ લીઝ બંધ કરવા માંગ બેઠક દરમિયાન 'ઈડર ગઢ બચાવો સમિતિ' અને સ્થાનિક પ્રકૃતિપ્રેમીઓએ અરવલ્લીના સંરક્ષણ માટે મજબૂત રજૂઆતો કરી હતી. પર્યાવરણપ્રેમી હિરેન પંચાલ અને ઈડર ગઢ બચાવ સમિતિના સભ્ય યોગેશ સથવારા સહિતના અગ્રણીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, અરવલ્લી એ માત્ર પથ્થરોનો ઢગલો નથી, પરંતુ તે સમૃદ્ધ વનસ્પતિ, ઘાસચારા, જળ સ્રોતો અને અસંખ્ય વન્યજીવોનું કુદરતી નિવાસસ્થાન છે. અરવલ્લીની કુદરતી સંપત્તિને બચાવવા માટે નુકસાનકારક તમામ માઈનિંગ લીઝ તુરંત અસરથી બંધ કરવામાં આવે તેવી કડક માંગ કરવામાં આવી હતી.બીજી તરફ, માઈનિંગ લીઝધારકો દ્વારા પણ પોતાના વ્યવસાય અને કાનૂની પાસાઓને લગતા અલગ અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા હતા. તૈયાર થનારા અહેવાલ પર સૌની નજર હાઈ પાવર કમિટીએ તમામ હિતધારકો, અધિકારીઓ અને પ્રકૃતિપ્રેમીઓની રજૂઆતોની નોંધ લીધી છે. સ્થળ નિરીક્ષણ દરમિયાન મેળવેલી માહિતી અને વિવિધ પક્ષોના અભિપ્રાયોના આધારે કમિટી દ્વારા એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરીને સર્વોચ્ચ અદાલતમાં રજૂ કરવામાં આવશે. હવે આ અહેવાલ અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટ દ્વારા આવનારા આગામી નિર્દેશો પર સમગ્ર જિલ્લાની નજર મંડાયેલી છે.

# હિંમતનગરમાં ભાડા વિધેયકનો વિરોધ યથાવત બાર એસોસિએશને કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ



સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશન દ્વારા હિંમતનગરમાં શુક્રવારે ભાડા વિધેયકનો વિરોધ કર્યો હતો ત્યારબાદ વકીલોએ અધિક કલેક્ટરને આવેદનપત્ર આપી વિધેયક રદ કરવા અને ગુજરાત એડવોકેટ પ્રોટેક્શન એક્ટ લાગુ કરવાની માંગ કરી હતી.

સરકારે ભાડા વિધેયક-૨૦૨૬ના અમલ માટે નોટિફિકેશન જાહેર કર્યું છે. જેમાં વિધેયક ભાડા અને કબજાના કેસો રેવન્યુ અદાલતને સોંપે છે. વકીલો આનો વિરોધ કરી રહ્યા છે, કારણ કે પહેલા આવા કેસો સિવિલ કોર્ટમાં ચાલતા હતા. તેમને દિવાની અદાલતોની સત્તા ઘટવાનો ડર છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ૩ ઓક્ટોબર, ૨૦૨૬થી અચોક્કસ મુદતની હડતાળ પર રહેવા જણાવાયું છે. તેના પગલે સાબરકાંઠાના વકીલો પણ કામગીરીથી દૂર રહ્યા છે. જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્ર વી. શર્મા, ઉપપ્રમુખ દિલપેશ પટેલ અને સચિવ હિરવ જે. જયસ્વાલ સહિતના હોદ્દેદારોએ રજૂઆત કરી માંગણી કરી હતી કે સત્વરે ભાડા વિધેયકને રદ કરવું જોઈએ, અથવા તો જરૂરી સુધારા કરવા જોઈએ.

# ખેડબ્રહ્માની પ્રાયોજના વહીવટદાર કચેરીમાં આઉટસોર્સ કલાર્કે રૂ. ૧૧.૫૮ લાખની ઉચાપત કરી પોલીસ ફરિયાદ નોંધાઈ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે આવેલી પ્રાયોજના વહીવટદાર કચેરીમાં આઉટસોર્સિંગથી ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી સામે રૂ. ૧૧.૫૮ લાખથી વધુની સરકારી રકમની ઉચાપત, વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે ગુરુવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગાંધીનગર સ્થિત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લોન આપવામાં આવી હતી. ખેડબ્રહ્મા કચેરી ખાતે આઉટસોર્સ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અને વિજયનગર તાલુકાના સરદારનગરના રહીશ જગદીશ મણીલાલ બરંડાને આ લાભાર્થીઓ પાસેથી લોનની વસૂલાત કરવાની જવાબદારી સોંપાઈ હતી.

જગદીશ બરંડાએ વિવિધ લાભાર્થીઓ પાસેથી રૂ. ૧૧,૫૮,૬૬૦ની વસૂલાત કરી હતી. નિયમ મુજબ આ રકમ બેંક મારફતે આદિજાતિ વિકાસ કોર્પોરેશનના ખાતામાં જમા કરાવવાની હતી. જોકે, તેણે આ રકમ સરકારી ખાતામાં જમા કરાવવાને બદલે પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી હતી.

આ બાબતે ઉચાપત અને વિશ્વાસઘાત થયો હોવાનું સામે આવતાં, ગાંધીનગર ખાતે રહેતા હાર્દિક નરસિંહભાઈ રોહિતે ગુરુવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જગદીશ બરંડા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈડરના વસાઈ ગામની સીમમાંથી ઘાયલ દીપડો મળી આવ્યો: વધુ સારવાર માટે અમદાવાદના વાઈલ્ડલાઈફ કેર સેન્ટર ખસેડાયા



ઈડર તાલુકાના વસાઈ ગામની સીમમાંથી ગંભીર રીતે ઘાયલ અવસ્થામાં એક દીપડો મળી આવતાં સમગ્ર વિસ્તારના ગ્રામજનોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાયો હતો. બનાવની જાણ થતાં જ વન વિભાગની ટીમે ત્વરિત કામગીરી હાથ ધરીને દીપડાનું રેસ્ક્યૂ કર્યું હતું. પ્રાથમિક તપાસમાં દીપડાની કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની વિગતવાર માહિતી:

સ્થાનિક ગ્રામજનોએ વસાઈ ગામની સીમમાં ઘાયલ દીપડાને જોતાં જ તુરંત વન વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ઈડર અને વડાલી વન વિભાગની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સુરક્ષિત રીતે દીપડાનું રેસ્ક્યૂ કર્યું હતું.

દીપડાની શારીરિક સ્થિતિ અત્યંત નાજુક હોવાથી અને વધુ ગંભીર સારવારની જરૂર જણાતાં, નાયબ વન સંરક્ષક (DCF) શ્રી ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોલવાણી રેંજ ખાતેથી ખાસ ધોલવાણી રેસ્ક્યૂ વાનને બોલાવવામાં આવી હતી.

પ્રાથમિક સારવાર અને અમદાવાદ ટ્રાન્સફર:

પ્રથમ દીપડાને હિંમતનગર નજીક આવેલી કામધેનુ યુનિવર્સિટી, રાજપુર ખાતે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં પશુ ચિકિત્સકો દ્વારા તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, વધુ ગહન સારવારની જરૂરિયાત ઊભી થતાં, ઈડર રેંજના આર.એફ.ઓ. (RFO) શ્રી ચૌધરી સાહેબ, વન વિભાગનો સ્ટાફ તથા ધોલવાણી રેંજના ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) દ્વારા દીપડાને અમદાવાદના બોડકદેવ સ્થિત વાઈલ્ડલાઈફ કેર સેન્ટર (WCC) ખાતે ખસેડવામાં આવ્યો હતો.